# ક્ષય, કેન્સર અને મૂત્રપિંડ (કીડની) ના રોગોની સારવારનું ખર્ચ રીએમ્શન પાત્ર ગણવા બાબત.

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી–૧૦૯૩–૧૪૧–અ,
સચિવાલય, ગાંધીનગર, તા.૧૮–૬–૧૯૯૪

**વંચાણે લીધો :–** કમિશ્નરશ્રી આરોગ્ય સેવા (તબીબી વિભાગ) ગાંધીનગરનો તા.૪–૯–૯૩ નો પત્ર ક્રમાંક : ફ–૭–ત, સા.કેન્સરની સારવાર દરખાસ્ત–૯૩.

**ઠરાવ :–** કમિશ્નરશ્રી આરોગ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ ના નિયમ–૧૫(૪) ની જોગવાઈ અન્વયે જો સરકારી કર્મચારી તબીબી ભથ્થું મેળવતા હોય અને સરકારી કે સરકારે આવી સારવાર માટે માન્ય કરેલ હોસ્પિટલોમાં બહારના દર્દી તરીકે સારવારનુ ખર્ચ નીચેની શરતોએ રિએમ્બર્સ પાત્ર ગણવાનું આથી સરકાર ઠરાવે છે.

૧. કેન્સરના રોગના શરૂઆતના તબકકે બહારના દર્દી તરીકે સારવાર લેવી પડે અને સારવારનુ ખર્ચ તબીબી ભથ્થાની રકમ કરતાં વધી જાય છે. આથી આ અંગે સરકારી કર્મચારી જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન વિકલ્પ બદલવા માગે તો તે નાણાકીય વર્ષ માટે સ્વીકારેલ ભથ્થાનો વિકલ્પ રદ કરીને રીએમ્બર્સમેન્ટ સ્વીકારવાનો વિકલ્પ સ્વીકારવાની છૂટ આપી શકાશે.

૨. મૂત્રપિંડ (કીડની) રોગમાં કીડની ઈન્સ્ટિટયુટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે બહારના દર્દી તરીકે સારવાર મેળવે તો પણ થયેલ ખર્ચ રિએમ્બર્સ કરવા માટે તબીબી

ભથ્થાનો વિકલ્પ બદલવાની છૂટ આપી શકાશે નિયામકશ્રી કીડની ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદ પ્રમાનપત્રને આધારે બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચ રિએમ્બર્સમેન્ટ લઈ શકાશે.

૩. ક્ષય રોગના કિસ્સામાં પણ બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચ અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, (કમિશ્નરશ્રી, આરોગ્ય સેવાઓ) (તબીબી) ગાંધીનગરની મંજૂરી મેળવીને બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચ રીએમ્બર્સમેન્ટ થઈ શકશે.

૪. સરકારી કર્મચારી અને તેના કુટુંબીજનોએ ઉપર દર્શાવેલ કીડનીના રોગો અને ક્ષયના રોગોની સારવાર માટે બહારના દર્દી તરીકે લીધેલ સારવારના ખર્ચનુ રિએમ્બર્સમેન્ટ મેળવવા ઈચ્છે ત્યારે તેણે આ અંગેની વિકલ્પ બદલવાની એટલે કે મેડીકલ રીએમ્બર્સમેન્ટનો વિકલ્પ સ્વીકારવાની જાણ વિભાગ (ખાતા) કચેરીના વડાને જરૂરા પ્રમાણપત્ર સાથે કરવાની રહેશે અને વિકલ્પ બદલવા અંગેના જરૂરી હુકમો – આદેશ સંબંધિત વિભાગ (ખાતા) કચેરીના કરવાના રહેશે.

૫. જે નાણાંકીય વર્ષમાં આવા વિકલ્પ બદલવામાં આવે ત્યારે વિકલ્પ બદલ્યા સુધી ત્યારે તે વર્ષમાં તબીબી ભથ્થા તરીકે સ્વીકારેલ તમામ રકમ, વિકલ્પ બદલવાની મંજૂરી મળ્યેથી સરકારશ્રી માં પરત ભરપાઈ કરવાની રહેશે અને ત્યારબાદ જ બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચનુ રીએમ્બર્સમેન્ટ મંજુર કરી શકાશે.

૬. ખર્ચનુ રીએમ્બર્સમેન્ટ જે તે માન્ય ખર્ચ દવાઓ પૂરતુ જ મળવાપાત્ર થશે.

૭. આ હુકમો આ વિભાગને સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨–૩–૯૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રવિણ ગદાણી, ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**નોંધ :– (ક) સરકાર ધ્વારા અત્યાર સુધીમાં તબીબ સારવાર માટે માન્ય કરવામાં આવેલ સંસ્થાઓ (એલોપેથીક, આર્યુવેદિક અને નેચરોપથી)**

| ક્રમાંક | હોસ્પિટલનુ નામ : |
|---|---|
| (૧) | અખંડઆનંદ આર્યુવેદિક હોસ્પિટલ, અમદાવાદ |
| (ર) | તાપીબાઈ આર્યુવેદિક હોસ્પિટલ, ભાવનગર |
| (૩) | શુઘ્ધ આર્યુવેદિક હોસ્પિટલ, વડોદરા |
| (૪) | શ્રીમતી મણીબેન અમૃતલાલ હરગોવનદાસ આયુ.હોસ્પિટલ,અમદાવાદ |
| (પ) | વસંત નેચરકયોર હોસ્પિટલ,અમદાવાદ |
| (૬) | યોગસાધના આશ્રમ,અમદાવાદ |
| (૭) | નેચરકયોર સેન્ટર, સાવરકુંડલા |
| (૮) | સૌરાષ્ટ્ર નેચરકયોર હેલ્થ સેન્ટર, રાજકોટ |
| (૯) | શ્રી હરીલાલ ભગવતી અપંગ સહાય આશ્રમ, અમદાવાદ |
| (૧૦) | હરીયા લખનશી ગોવિંદજી રોટરી હોસ્પિટલ,અમદાવાદ |
| (૧૧) | નવદીપ કિલનિક, અમદાવાદ |
| (૧ર) | પી.આઈ. હેલ્થ સેન્ટર, રાજકોટ ( નવી માન્ય હોસ્પિટલ) |
| (૧૩) | ક્રિશ્ના હાર્ટ ઈન્સ્ટીટયુટ પુના, અમદાવાદ(નવી માન્ય હોસ્પિટલ) |
| (૧૪) | ડી.ડી.એમ.એમ.ઈન્સ્ટીટયુટ નડિયાદ(નવી માન્ય હોસ્પિટલ) |

ઉપર મુજબની સંસ્થાઓની રીએમ્બર્સમેન્ટના હેતુ માટે માન્યતા ચાલુ રહે ત્યાં સુધી અને જો કોઈ નવી સંસ્થાઓને આ હેતુ માટે માન્યતા આપવામાં આવે તો તે સંસ્થાઓમાં સરકારી કર્મચારીઓ સારવાર પાછળ કરેલ ખર્ચ એમ્બર્સ કરી શકાશે.